ONGC (AHMEDABAD) EMPLOYEES CO-OP. CREDIT SOCIETY LTD.
Regd. No. 11798
Estd. Dt. 1
Sabarm
AHMEDABAD

# ....વિના સહકાર નહિ ઉદ્ધાર....

## તા. ૩૧ માર્ચ ૨૦૨૫ના રોજ પુરા થતાં વર્ષનો પરમો અહેવાલ

## ઓ.એન.જી.સી. (અમદાવાદ) કર્મચારી કો.ઓ. ક્રેડીટ સોસાયટી લિમિટેડ

**સભાસદ : ૭૪૨+૧૭-૭૧ = ૬૮૮**

**રજી. નંબર : એસ/૧૧૭૯૮**

**રજી. તારીખ : ૧૪-૩-૧૯૭૩**

**રજી. ઓફિસ**

**સી/૧૬, ઓ.એન.જી.સી. કોલોની,**
**વેસ્ટર્ન સેક્ટર, ચાંદખેડા,**
**અમદાવાદ - ૩૮૨૪૨૪.**

| ફાયનાન્સીચલ હાઈલાઈટ | ૨૦૨૪-૨૦૨૫ |
|---|---|
| ભરપાઈ થયેલ શેર ભંડોળ | (★) ૪,૮૫,૯૨,૯૬૫.૦૦<br>૪,૭૪,૭૮,૧૧૦.૦૦ |
| રીઝર્વ (ફંડ) | ૪,૨૯,૮૩,૪૪૦.૧૩ |
| અન્ય ફંડ | ૪,૩૭૫.૦૦ |
| થાપણ | ૨૭,૬૮,૦૦૦.૦૦ |
| ઓનલાઈન પહેલાનું લોન ધિરાણ<br>ઓનલાઈન કરતાં મળેલ વધારાનું લોન ધિરાણ<br>ઓનલાઈન કરતાં મળેલ લોન ધિરાણ | ૧૧,૪૪,૧૫,૧૯૩.૦૦<br>(★★)૧૨,૪૯,૩૮૩.૦૦<br>૧૧,૫૬,૬૪,૫૭૬.૦૦ |
| ચોખ્ખો નફો | ૭,૦૧,૬૮૧.૦૦ |

**-: આજની તારીખે વ્યવસ્થાપક કમિટિ :-**

| ક્રમ | નામ | હોદ્દો |
|---|---|---|
| ૧ | એક્સ ઓફીસીયો | ચેરમેન |
| ૨ | યોગેન્દ્રસિંહ રાણા | વાઈસ ચેરમેન |
| ૩ | હાર્દિક એચ. પટેલ | સેક્રેટરી |
| ૪ | મહેન્દ્રસિંહ ચૌહાણ | ટ્રેઝરર |
| ૫ | અતુલ રાઠોડ | જોઈન્ટ ટ્રેઝરર |
| ૬ | કેતનકુમાર તડવી | વ્યવસ્થાપક કમિટિ સભ્ય |
| ૭ | મહાદેવભાઈ પટેલ | વ્યવસ્થાપક કમિટિ સભ્ય |
| ૮ | એ.પી. રાઠવા | વ્યવસ્થાપક કમિટિ સભ્ય |
| ૯ | અતુલ રાણા | વ્યવસ્થાપક કમિટિ સભ્ય |
| | | |

**-: બેંકર્સ :-**

(૧) ધી અમદાવાદ ડી. કો.ઓ.બેંક લી. ચાલુ ખાતું, રામનગર, સાબરમતી, અમદાવાદ.

(૨) ધી અમદાવાદ ડી. કો.ઓ.બેંક લી. સ્પેશીયલ સેવિંગ્સ ખાતું, રામનગર, સાબરમતી, અમદાવાદ.

(૩) સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, આઈ.આર.એસ. બ્રાંચ, ચાંદખેડા, અમદાવાદ.

➔ સોસાયટી ઓનલાઈન કરતાં તા. ૩૧-૦૩-૨૦૨૫ના રોજ સભાસદોની સંખ્યા ૬૮૮ રહેલ છે. જેમાં મુદ્દતવીતી બાકીદારોની સંખ્યા ૭૨ છે, જે માટે રીકવરીની પ્રક્રિયા ચાલુ છે.

★ સોસાયટીના દફતરે તા. ૩૧-૦૩-૨૦૨૫ના રોજ સોફ્ટવેર મુજબ રૂા. ૧૧,૧૪,૮૫૫.૦૦ શેરભંડોળનો વધારો આવેલ છે. જેનું મેળવણુંની તપાસ સી.એ. દ્વારા કરવામાં આવશે.

★★ સોસાયટી ઓનલાઈન કરતાં તા. ૩૧-૦૩-૨૦૨૫ના રોજ સોફ્ટવેર મુજબ રૂા. ૧૨,૪૯,૩૮૩.૦૦ નું વધારાનું લોન ધિરાણ મળેલ છે. જેનું મેળવણુંની તપાસ સી.એ. દ્વારા કરવામાં આવશે.

# ઓ.એન.જી.સી.(અમદાવાદ) કર્મચારી કો.ઓ. ક્રેડીટ સોસાયટી લિમિટેડ

## -: વાર્ષિક સામાન્ય સભાની નોટીસ :-

આથી સોસાયટીના તમામ સભાસદોને જાણ કરવામાં આવે છે કે સોસાયટીની (૪૮મી કરેલ નથી.) ૫૨મી વાર્ષિક સામાન્ય સભા નીચેની વિગતે મળશે તો દરેક સભાસદોને હાજર રહેવા વિનંતી....

| | |
|---|---|
| તારીખ | : ૨૯-૦૯-૨૦૨૫ |
| વાર | : સોમવાર |
| સમય | : સાંજે ૫.૩૦ થી ૯.૦૦ કલાકે |
| સ્થળ | : ઓ.એન.જી.સી. ઓફિસર્સ કલબ, ઈસ્ટર્ન સેક્ટર, |
| | : અવની ભવન પાસે, ચાંદખેડા, અમદાવાદ. |

## -: કાર્યકારી સૂચી :-

૧. સાધારણ સભાના અધ્યક્ષશ્રીની વરણી કરવા બાબત.
૨. અવસાન પામેલા સભાસદોને શોકાંજલી.
૩. ગત વર્ષે થયેલ સાધારણ સભાના ઠરાવો અને હિસાબોને બહાલી આપવા બાબત.
૪. વ્યવસ્થાપક કમિટિએ ભલામણ કર્યા મુજબ, નફાની વહેંચણી અને ડિવીડન્ડ મંજૂર કરવા બાબત.
૫. પેટાનિયમમાં સુધારા કરવા બાબત (શામેલ સુધારા પત્રક મુજબ)
૬. સોસાયટી સભાસદોના હીતમાં તેમજ સોસાયટીમાં આવકનો સ્ત્રોત ઉભો કરવા માટે સભાસદોને ઉપયોગી તેવી વિવિધ પ્રકારની યોજના કરવા બાબત.
૭. અધ્યક્ષશ્રી તરફથી અથવા તેઓશ્રીની મંજૂરીથી જે કામ રજુ થાય તેને બહાલી આપવા બાબત.

સ્થળ : અમદાવાદ.
તારીખ : ૦૯-૦૯-૨૦૨૫

હાર્દિક એચ. પટેલ
સેક્રેટરી

---

નોંધ : (૧) જે સભાસદ ક્રેડીટ સોસાયટીમાં સભાસદ તરીકે ચાલુ હશે તે જ સભાસદ સાધારણ સભામાં હાજરી આપી શકશે.

(૨) સંજોગોવશાત્ કાર્ય સાધક સંખ્યા (કોરમ) નહિ થાય તો સામાન્ય સભાનું કામકાજ અડધા કલાક માટે મુલતવી રાખવામાં આવશે પણ ત્યારબાદ તે જ સ્થળે એજન્ડા અંગે સભાનું કામકાજ હાથ ધરાશે જેમાં કોરમ અંગેનો કોઈ બાધ રહેશે નહિં અને સદર કાર્યવાહી તમામ સભાસદોને બંધનકર્તા રહેશે.

(૩) સને ૨૦૨૪-૨૦૨૫નાં હિસાબો અંગે જો કોઈ માહિતી જોઈતી હોય તો સભાની તારીખ અગાઉ બે દિવસ પહેલા સોસાયટીની ઓફિસમાં લેખીતમાં જાણ કરવી.

(AHMEDABAD) EMPLOYEES CO.OP. CREDIT SOCIETY
Regd. No 11798
Sabarmati
AHMEDABAD

# ઓ.એન.જી.સી.(અમદાવાદ) કર્મચારી કો.ઓ. ક્રેડીટ સોસાયટી લિમિટેડ

## -: ડિરેક્ટરોની કલમે :-

૧. તા. ૨૯-૦૫-૨૦૨૧ ના રોજના તમામ ડિરેક્ટરોએ જીલ્લા રજીસ્ટ્રારને રાજીનામાં આપતાં બોડી બરખાસ્ત કરવામાં આવેલ હતી.

૨. જીલ્લા રજીસ્ટ્રારશ્રી દ્વારા કસ્ટોડીયનની નિમણુંક તા. ૧૦-૦૮-૨૦૨૧ના રોજ હુકમ ક્રમાંક સકક/૦૧/૨૧-૨/૧૬/૭૭૬/૨૦૨૧ થી થયેલ અને સોસાયટીનો ચાર્જ સંભાળેલ હતો.

૩. મંડળીમાં કસ્ટોડીયન અને જીલ્લા રજીસ્ટ્રારશ્રી દ્વારા ચુંટણી અધિકારીશ્રીની નિમણુંક તા. ૦૬-૧૦-૨૦૨૧ના રોજ કરવામાં આવેલ હતી.

૪. ચુંટણી અધિકારીશ્રી દ્વારા ચુંટણી પ્રક્રિયા પૂર્ણ કરી ચુંટાયેલા નવા કમિટિ સભ્યોને જાહેર તા. ૩૦-૧૦-૨૦૨૧ના રોજ કરેલ અને કસ્ટોડીયનશ્રી દ્વારા ચુંટાયેલા કમિટિ સભ્યોને તા. ૩૦-૧૦-૨૦૨૧ના રોજ સોસાયટીના દફતરનો ચાર્જ સોંપેલ હતો.

૫. નવા ચુંટાયેલ કમિટિ સભ્યોએ સોસાયટી સંભાળતા જ ઓનલાઈન કરવાની કામગીરી શરૂ કરી દીધેલ. અને બે મહિનામાં જ ઓનલાઈન કરી દીધેલ હતી.

૬. નવા ચુંટાયેલ કમિટિ સભ્યો દ્વારા મુદ્દતવિતિ બાકીદારોને રૂબરૂ અને ટેલીફોનિક વાતચીત દ્વારા સોસાયટીના બાકી રહેલ લેણાં ભરવા અનુરોધ કરેલ, જેથી તેઓના પૈસા પાછા સોસાયટીમાં ભરાવાના ચાલુ થઈ ગયેલ છે, અને આગળની કાયદાકીય પ્રક્રિયા પણ શરૂ કરેલ છે.

૭. રણધીરસિંહ બી જાદવ દ્વારા આપવામાં આવેલ કબુલાતનામું, દસ્તાવેજ અને અન્ય કાગળો સોસાયટીના દફતર માટે પોલીસ સ્ટેશન લેવા ગયેલ ત્યારે જાણ થઈ કે તે પોલીસ સ્ટેશનમાં આગળની કમિટિ દ્વારા જમા કરાવેલ નથી, તેમજ ભુતકાળમાં થયેલ કોર્ટ કેસોની વિગત એકત્રિત કરેલ છે.

૮. આથી પોલીસ હુકમથી તા. ૦૮-૦૪-૨૦૨૨ના રોજ શ્રી રણધીરસિંહ દ્વારા કબુલાતનામું અને અન્ય દસ્તાવેજો જુની કમિટિ દ્વારા તે ક્રેડિટ સોસાયટીના દફતરે જમા કરાવેલ છે. અમુક દસ્તાવેજો કબુલાતનામામાં લખેલ છે, તે ક્રેડીટ સોસાયટીમાં જમાં કરાવેલ નથી તેનો પત્ર વ્યવહાર પોલીસ સ્ટેશનમાં કરેલ છે.

૯. સોસાયટીના દફતરે ઉચાપતના નાણાં પાછા આવે તે માટે પોલીસ સ્ટેશન અને જીલ્લા રજીસ્ટ્રારશ્રીને ઘટતી કાર્યવાહી તાકીદે કરવામાં આવે તેવો અનુરોધ કરેલ છે.

૧૦. હાલની કમિટિ દ્વારા પોલીસ સ્ટેશનમાં જમા કરાવેલ કબુલાતનામું અને દસ્તાવેજોના મકાનો ઉપર તપાસ કરતાં જાણવા મળેલ કે કબુલાતનામામાં લખી આપેલ બંગલો હાલની કમિટિએ ચાર્જ લેતા પહેલા વેચાણ કરવામાં આવેલ છે. જેની લેખીતમાં તપાસ અર્થે સોસાયટી દ્વારા પત્ર પોલીસ સ્ટેશનમાં મોકલી દીધેલ છે.

૧૧. સોસાયટીના કમિટિ સભ્યો ઉચાપતની રકમ પાછી લાવવા બનતા પૂરતા પ્રયત્નો ચાલું છે, અને તમારા સૌના સાથ સહકારની અપેક્ષા રાખીએ છીએ.

૧૨. તમારા સૌના વિશ્વાસ ના કારણે સોસાયટીમાં વર્ષ ૨૦૨૪-૨૦૨૫માં ઘણાં બધાં રાજીનામા આપેલ સભાસદોએ પોતાના રાજીનામા પાછા ખેંચેલ છે, તેમજ નવા સભાસદો પણ જોડાયેલ છે, તે બદલ આપ સહું સભાસદો અને થાપણદારોનો અમે સૌ વ્યવસ્થાપક કમિટિ સભ્યો આભાર માનીએ છીએ.

આપના સહકાર બદલ આભાર....

BAD) EMPLOYEES CO-OP. CREDI
MED
Regd. No 11/9
Estd. Dt. 14-3
rmat
DABAD + LTD.

# ઓ.એન.જી.સી.(અમદાવાદ) કર્મચારી કો.ઓ. ક્રેડીટ સોસાયટી લિમિટેડ

## તા. ૩૧મી માર્ચ ૨૦૨૫ના રોજ પૂરાં થતાં વર્ષનો ૫૨મો વાર્ષિક અહેવાલ

....સભાસદ મિત્રો આપ સોનું હાર્દિક સ્વાગત....

આપણી ક્રેડીટ સોસાયટીના તારીખ ૩૧મી માર્ચ ૨૦૨૫નાં રોજ પૂરા થતાં વર્ષના હિસાબો તેમજ કામકાજનો વાર્ષિક અહેવાલ આપ સમક્ષ રજૂ કરતાં ગૌરવ અનુભવીએ છીએ.

પ્રિય સભાસદ મિત્રો આપ સર્વને જણાવતા આનંદ થાય છે કે સોસાયટીમાં જુની કમિટિ દ્વારા ઉચાપત થવા છતાં સભાસદો અને થાપણદારોએ ભરોસો અમારી નવી કમિટિ ઉપર રાખેલ છે, તેમજ સહુ સભાસદો અને લેણદારોના પૈસા બચાવવા અને ચુકવવામાં આપ સૌના અમૂલ્ય ફાળા માટે અમો આપ સહુના આભારી રહીશું. જેમાં સોસાયટીને ઓનલાઈન કરેલ, ડિવિડન્ડની ચુકવણી ઓનલાઈન કરેલ સભાસદોનો વિશ્વાસ જીતતા નવા સભાસદો બનેલ તેમજ રાજીનામું આપેલ સભાસદો ફરીથી જોડાયેલ છે. આ ઉપરાંત તમામ થાપણદારોનો પણ નવિન વ્યવસ્થાપક કમિટિ ઉપર ભરોસો મુકવા અને જંગી થાપણો આપવા માટે તેઓના આભારી છીએ.

<u>સભાસદ સંખ્યા</u> :- વર્ષ દરમિયાન ૧૭ નવા સભાસદો દાખલ કરવામાં આવેલ છે જ્યારે ૭૧ સભાસદો છૂટા થયેલ છે, જેમાં અવસાન પામેલા સભ્યો, ઓ.એન.જી.સી. લી માંથી નોકરી પૂર્ણ કરીને છૂટા થયેલા સભ્યો, ટ્રાન્સફર થયેલા સભાસદોનો સમાવેશ થાય છે અને વર્ષ આખરે ૬૮૮ સભાસદો સોસાયટીના દફતરે છે.

<u>શેર ભંડોળ</u> :- વર્ષ દરમિયાન શેરભંડોળમાં રૂા.૩૭,૭૪,૭૦૦/- જમા થયા છે અને રૂા. ૫૦,૭૨,૭૮૦/- સભ્યપદેથી છૂટા થયેલ સભાસદોને પરત ચૂકવવામાં આવેલ છે એકંદરે શેરભંડોળમાં રૂા. ૧૨,૯૮,૦૮૦/- નો ઘટાડો થયેલ છે જેમાં રૂા. ૧૧,૧૪,૮૫૫/- શેરભંડોળ ઓનલાઈન કરતાં વધારાનું મળેલ છે. જેથી કુલ શેરભંડોળ રૂા. ૪,૮૫,૯૨,૯૬૫/- થાય છે.

<u>ડિવિડન્ડ ઈક્વીલાઈઝેશન ફંડ</u> :- વર્ષ દરમિયાન ડિવિડન્ડ ઈક્વીલાઈઝેશન ફંડમાં રૂા. ૫૭૫.૦૫/- જમા થતાં અને ગત વર્ષે ડિવિડન્ટ આપવા રૂા. ૧,૦૮,૭૩૧.૪૫ ઓછાં થતાં કુલ ડિવિડન્ડ ઈક્વીલાઈઝેશન ફંડ રૂા. ૬,૯૫૯.૭૭/- થાય છે.

<u>રિઝર્વ ફંડ</u> :- વર્ષ દરમિયાન રિઝર્વ ફંડમાં રૂા. ૧,૯૯,૬૦૫.૨૫ નો વધારો થયેલ છે અને કુલ રિઝર્વ ફંડ રૂા. ૪,૨૯,૮૩,૪૪૦.૧૩/- થાય છે.

<u>થાપણ (ફિક્સ ડિપોઝીટ)</u> :- વર્ષ દરમિયાન થાપણમાં રૂા. ૯૯,૧૨,૬૦૮/- જમા થયા છે. અને રૂા. ૯૮,૯૨,૬૦૮/- મુદત પુરી થવાથી તેમજ મુદત પહેલાં ઉપાડ અને માંગણી આવતા પરત ચુકવવામાં આવેલ છે. વર્ષ આખરે થાપણમાં રૂા. ૨૭,૬૮,૦૦૦/- જમા રહેલ છે.

## ઓ.એન.જી.સી.(અમદાવાદ) કર્મચારી કો.ઓ. ક્રેડીટ સોસાયટી લિમિટેડ

<u>લોન ધિરાણ</u> :- સભાસદોને એપ્રિલ ૨૦૨૪ થી માર્ચ ૨૦૨૫ સુધીનાં સમયમાં રૂા. ૮૪,૯૦,૦૦૦/- નું નવું ધિરાણ આપવામાં આવેલ છે અને વર્ષ દરમિયાન રૂા. ૯૫,૮૭,૨૯૨/- ની વસુલાત કરવામાં આવેલ છે વર્ષ આખરે રૂા. ૧૧,૪૪,૧૫,૧૯૩/- ઓનલાઈન કરતાં ખરેખર (રૂા. ૧૧,૫૬,૬૪,૫૭૬/-) લોન ધિરાણ બાકી રહે છે. જેમા ઉચાપતની લોન રકમ રૂા. ૬,૪૧,૮૦,૦૯૩/- વર્ષ ૨૦૧૦-૨૦૧૭ અને રૂા. ૩,૧૬,૩૦,૩૯૩/- વર્ષ ૨૦૧૦ પહેલાનો તફાવત ચોક્સીની કલમ (૮૬) દ્વારા કરવામાં આવેલ રીપોર્ટ મુજબ છે. તેમજ સોસાયટી ઓનલાઈન કરતાં રૂા. ૧૨૪૯૩૮૩/- નું વધારાનું લોન ધિરાણ મળેલ છે, જે ઉપર દર્શાવેલ છે. વર્ષ દરમિયાન લોનની વસુલાતમાં સભ્યો તરફથી સારો સહકાર મળેલ છે જેની નોંધ લેવામાં આવે છે અને તે બદલ લોન ધારકોના આભારી છીએ.

<u>નિવૃત્તિ ફંડ</u> :- વર્ષ દરમિયાન સભાસદોના પગારમાંથી ડિસેમ્બર માસમાં રૂા. ૧૦૦/- કપાત કરેલ છે જે વર્ષ આખરે રૂા. ૪૪,૫૦૦/- જમા થયેલ છે. જે વર્ષ દરમિયાન સ્વૈચ્છિક આપેલ રાજીનામું ઓ.એન.જી.સી.લી. માંથી બીજા પ્રોજેક્ટ માં ટ્રાન્સફર થતાં તથા સેવા નિવૃત્ત થતાં રૂા. ૧૯,૫૦૦/- ચુકવવામાં આવેલ છે, જેથી વર્ષ આખરે રૂા. ૭૨,૩૦૦/- નિવૃત્ત ફંડમાં જમા રહેલ છે.

<u>મરણોત્તર ફંડ</u> :- વર્ષ દરમિયાન મરણોત્તર ફંડમાં રૂા. ૨૦૦/- જમા થયા છે અને વર્ષ આખરે રૂા. ૯,૦૬,૫૧૫/- જમા રહેલ છે.

વર્ષ દરમિયાન પાછળના પાના ઉપર દર્શાવ્યા મુજબ સભાસદોના અવસાન થયેલા છે તેની વ્યવસ્થાપક કમિટિએ નોંધ લીધી છે. પ્રભુ સ્વર્ગસ્થ આત્માઓને શાંતી આપે તેઓના વાલી વારસોને દુઃખ સહન કરવાની શક્તિ આપે એ જ પ્રભુ પ્રાર્થના....

<u>નોંધ</u> :- ૩૧મી માર્ચ ૨૦૨૫નાં રોજ રૂા. ૯,૦૬,૫૧૫/- જમા છે જેમાં મૃત્યુ પામેલા સભાસદોના વારસદારો સોસાયટીમાં હિસાબ કરવા આવેલ નથી જેમના નામ નીચે મુજબ છે, અને તેવા સભાસદોની લોન વસુલ કરવાની બાકી છે.

૧. સ્વ. શ્રી આર. આર. મહેતા
૨. સ્વ. શ્રી બી. ડી. પાણખણિયા
૩. સ્વ. શ્રી આર. એસ. વાઘેલા
૪. સ્વ. શ્રી જી. જી. ચાવડા
૫. સ્વ. શ્રી કે. ડી. વાઘેલા
૬. સ્વ. શ્રી આર. કે. વાઘેલા
૭. સ્વ. શ્રીમતી વિમલા સક્સેના
૮. સ્વ. શ્રી વી. બી. બોદર
૯. સ્વ. શ્રી ઠાકોર પી.
૧૦. સ્વ. શ્રી પ્રશાંત ચિંતામણી
૧૧. સ્વ. શ્રી અશોકકુમાર સોલંકી

## ઓ.એન.જી.સી.(અમદાવાદ) કર્મચારી કો.ઓ. ક્રેડીટ સોસાયટી લિમિટેડ

### સને ૨૦૨૪-૨૦૨૫ ના વર્ષ દરમિયાન અવસાન પામેલા સભાસદોની યાદી

| ક્રમ | સ્વર્ગસ્થ સભ્યનું નામ |
|---|---|
| ૧. | સ્વ. શ્રી ભુપતાજી ઠાકોર |
| ૨. | સ્વ. શ્રી ઘનશ્યામજી ભીલ |
| ૩. | સ્વ. શ્રી સુરેન્દ્રસિંગ દલાલ |
| ૪. | સ્વ. શ્રી ગુરમીતસિંગ રાજપૂત |

ચોખ્ખો નફો :- સને ૨૦૨૪-૨૦૨૫નાં વર્ષમાં સોસાયટીએ રૂા. ૭,૦૧,૬૮૧/- ચોખ્ખો નફો કરેલ છે. વર્ષ દરમિયાન રૂા. ૧૧,૭૩,૭૬૫/- એકંદરે આવક થયેલ છે તેમાંથી પગાર ખર્ચ, સ્ટેશનરી અને પ્રિન્ટીંગ ખર્ચ, થાપણ, વ્યાજ, ઝેરોક્ષ ખર્ચ, ઈન્ટરનેટ ખર્ચ, ઓનલાઈન ખર્ચ, વકીલ ખર્ચ તથા અન્ય વહીવટી ખર્ચ રૂા. ૪,૭૨,૦૮૪/- બાદ કરતાં આખરે રૂા. ૭,૦૧,૬૮૧/- નો ચોખ્ખો નફો રહે છે. આ નફાની વહેંચણી નીચે મુજબ કરવા માટે વ્યવસ્થાપક કમિટિના સભ્યો ભલામણ કરે છે.

### સને ૨૦૨૪-૨૦૨૫ના વર્ષની ચોખ્ખા નફાની ફાળવણી

| વિગત | રકમ રૂા. પૈસા. |
|---|---|
| રિઝર્વ ફંડ ખાતે લઈ જવા ચોખ્ખા નફાના ૨૫% | ૧,૭૫,૪૨૦.૨૫ |
| શેરભંડોળ ઉપર ૧.૦૪% ના દરે ડિવિડન્ડ (તા. ૩૧-૦૩-૨૦૨૪ સુધીના શેરભંડોળ ઉપર) | ૫,૧૯,૨૪૩.૯૪ |
| શિક્ષણફાળો ૧% (ચોખ્ખા નફાના) | ૭,૦૧૬.૮૧ |
| ચોખ્ખો નફો | ૭,૦૧,૬૮૧.૦૦ |

# ઓ.એન.જી.સી.(અમદાવાદ) કર્મચારી કો.ઓ. ક્રેડીટ સોસાયટી લિમિટેડ

## તા. ૩૧-૩-૨૦૨૫નાં રોજ પૂરાં થતાં વર્ષનું સરવૈયું

| મૂડી દેવા | ૩૧-૩-૨૦૨૫ | મિલકત - લેણા | ૩૧-૩-૨૦૨૫ |
|---|---|---|---|
| મંજૂર થયેલ શેરભંડોળ | ૧૫૦૦૦૦૦૦૦.૦૦ | | |
| ભરપાઈ થયેલ શેર ભંડોળ | | એ.ડી.સી. બેંક લી. ના શેર | ૯૦૦.૦૦ |
| ઓનલાઈન કરતાં વધેલ | | રણધીરસિંહ બી. જાદવ | ૫૧૦૪૧૪.૦૦ |
| શેરભંડોળ : (૧૧,૧૪,૮૫૫.૦૦) | | લોન ધિરાણ | |
| ખરેખર ભરપાઈ થયેલ | | કલમ ૮૬ ઓડિટ રીપોર્ટ અનુસાર | |
| શેરભંડોળ :(૪,૮૫,૯૨,૯૬૫.૦૦) | ૪,૭૪,૭૮,૧૧૦.૦૦ | ઉચાપત લોન ધિરાણ ૨૦૧૦-૧૭ : (૬૪૧૮૦૦૯૩.૦૦) | |
| રીઝર્વ ફંડ | ૪,૨૯,૮૩,૪૪૦.૧૩ | ઉચાપત લોન ધિરાણ ૨૦૧૦ પહેલાનું : (૩૧૬૩૦૩૯૩.૦૦) | |
| શિક્ષણ ફંડ | ૬,૮૮,૫૧૧.૮૦ | હાલની યાદી મુજબ : (૧૯૮૫૪૦૯૦.૦૦) | |
| ડિવિડન્ડ ઈક્વીલાઈઝેશન ફંડ | ૬,૯૫૯.૭૭ | લોન ધિરાણ (૩૧-૦૩-૨૦૨૫) | |
| સહકાર પ્રચાર ફંડ | ૮૧,૩૦૪.૦૦ | સોસાયટી ઓનલાઈન કરતાં મળેલ | |
| ધર્માદા ફંડ | ૭૪,૩૬૪.૦૦ | ખરેખર લોન ધિરાણ : (૧૧૫૬૬૪૫૭૬.૦૦) | |
| શકમંદ લેણા ફંડ | ૨,૭૫૧.૦૦ | બાદ-અગાઉનું ન મળેલ તેવું | |
| ડેપ્રીસિએશન ફંડ | ૧૫,૧૭૭.૦૦ | વધારાનું લોન ધિરાણ : (૧૨૪૯૩૮૩.૦૦) | |
| સભાસદ વળતર ફંડ | ૭,૭૭,૯૨૩.૦૦ | | ૧૧,૪૪,૧૫,૧૯૩.૦૦ |
| કર્મચારી પી.એફ. ફંડ | ૩,૨૮,૭૯૬.૦૦ | ડેડ સ્ટોક | ૯,૨૧૩.૦૦ |
| કર્મચારી ગ્રેજ્યુએટી ફંડ | ૩૬,૪૮૫.૦૦ | ફર્નિચર | ૧૧,૦૯૭.૦૦ |
| મૃત્યુ સહાય ફંડ | ૯,૦૬,૫૧૫.૦૦ | ડેસ્ક ટોપ, પ્રિન્ટર, લેપટોપ | ૩૨,૪૮૦.૦૦ |
| સભાસદ અનામત | ૧,૬૬,૫૮૭.૦૦ | સોફ્ટવેર એકાઉન્ટ | ૯૦,૦૦૦.૦૦ |
| પરચુરણ દેવા અનામત | ૪,૭૧,૧૮૦.૦૦ | **બેંક તથા રોકડ બેલેન્સ** | |
| થાપણ | ૨૭,૬૮,૦૦૦.૦૦ | | |
| ઓ.એન.જી.સી. | ૫૦૦.૦૦ | એ.ડી.સી. બેંક લી. નું ચાલું ખાતુ | ૪૬,૧૩૭.૪૧ |
| બેંક રી-કંસીલેશન | ૪૦૦.૦૦ | એ.ડી.સી. બેંક લી. નું સ્પે. સેવિંગ્સ ખાતુ | ૪,૧૯,૩૪૭.૦૦ |
| અધર પ્રોવિઝન ફંડ | ૪,૩૭૫.૦૦ | સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ચાલુ ખાતુ | ૧૧,૯૯૦.૫૬ |
| ડિવિડન્ડ પેયેબલ | ૮,૭૫,૩૫૧.૦૪ | બંધ સિલક | ૫,૫૫૯.૪૯ |
| વ્યવસાય વેરો | ૪૦૦.૦૦ | | |
| પરચુરણ અનામત | ૩,૩૫૯.૦૦ | | |
| નિવૃત્તિ ફંડ | ૭૨,૩૦૦.૦૦ | | |
| વધારાની કપાત | ૪૧,૬૦૦.૦૦ | | |
| પ્રોફીટ એન્ડ લોસ (૧૭-૨૦) | ૧,૫૯,૯૯,૪૮૫.૭૨ | | |
| પ્રોફીટ એન્ડ લોસ (૨૦-૨૧) | ૧૦,૬૬,૭૭૬.૦૦ | | |
| પ્રોફીટ એન્ડ લોસ (૨૩-૨૪) | ૭,૦૧,૬૮૧.૦૦ | | |
| **કુલ સરવાળો** | **૧૧૫૫૫૨૩૩૧.૪૬** | | **૧૧૫૫૫૨૩૩૧.૪૬** |

નોંધ : કલમ ૮૬ ના જીલ્લા રજીસ્ટ્રારના ઓડીટ રીપોર્ટ મુજબ કુલ ઉચાપત થયેલ રકમ રૂા. ૯,૭૦,૫૯,૮૬૯.૦૦ (રૂપિયા નવ કરોડ સીત્તેર લાખ ઓગણસાઈઠ હજાર આઠસો અગણ્યાસીત્તેર પુરા)

| યોગેન્દ્રસિંહ રાણા | હાર્દિક એચ. પટેલ | મહેન્દ્રસિંહ ચૌહાણ | એ.ડી. રાઠોડ |
|---|---|---|---|
| વાઈસ ચેરમેન | સેક્રેટરી | ટ્રેઝરર | જોઈન્ટ ટ્રેઝરર |

(AHMEDABAD) EMPLOYEES CO-OP. CREDIT SOCIETY
Regd. No.
Estd. Dt. 1973
AHMEDABAD

# ઓ.એન.જી.સી.(અમદાવાદ) કર્મચારી કો.ઓ. ક્રેડીટ સોસાયટી લિમિટેડ

## તા. ૩૧-૩-૨૦૨૫નાં રોજ પૂરાં થતાં વર્ષનું ઉપજ-ખર્ચ ખાતું

| આવક | ૩૧-૩-૨૦૨૫ | જાવક | ૩૧-૩-૨૦૨૫ |
|---|---|---|---|
| લોન વ્યાજ આવક | ૧૧,૪૯,૭૬૨.૦૦ | સેલેરી ખર્ચ | ૧,૮૮,૩૩૦.૦૦ |
| લોન ફોર્મ વેચાણ આવક | ૨,૬૭૦.૦૦ | સ્ટેશનરી અને પ્રિન્ટીંગ ખર્ચ | ૨,૧૪૦.૦૦ |
| વહીવટી આવક | ૭૧૦.૦૦ | પરચુરણ ખર્ચ | ૯૫૭.૦૦ |
| એ.ડી.સી. બેંક શેર ડિવિડન્ડ-આવક | ૧૩૫.૦૦ | વાહનભાડા ખર્ચ | ૬,૦૦૦.૦૦ |
| | | ઝેરોક્ષ ખર્ચ | ૨,૦૪૪.૦૦ |
| નવા સભાસદ એન્ટ્રી ફી આવક | ૧૭.૦૦ | કમિટિ મિટીંગ ખર્ચ | ૪,૫૪૦.૦૦ |
| બેંક ઈન્સ. ઈકમ. સ્પે. સેવિંગ | ૨૦,૪૭૧.૦૦ | ઘસારા ખર્ચ | ૫,૨૭૯.૦૦ |
| | | ઓફિસ સફાઈ ખર્ચ | ૩,૦૦૦.૦૦ |
| | | ઈન્ટરનેટ ખર્ચ | ૬,૧૯૫.૦૦ |
| | | બેંક ચાર્જ | ૨,૧૮૫.૦૦ |
| | | વકીલ ખર્ચ | ૪૦,૦૦૦.૦૦ |
| | | થાપણ વ્યાજ ખર્ચ | ૧,૯૭,૪૦૦.૦૦ |
| | | સરભરા ખર્ચ | ૪,૦૧૪.૦૦ |
| | | ઈનામી ફાળા ખર્ચ | ૧૦,૦૦૦.૦૦ |
| | | ચોખ્ખો નફો | ૭,૦૧,૬૮૧.૦૦ |
| કુલ સરવાળો | ૧૧૭૩૭૬૫.૦૦ | | ૧૧૭૩૭૬૫.૦૦ |

| યોગેન્દ્રસિંહ રાણા | હાર્દિક એચ. પટેલ | મહેન્દ્રસિંહ ચૌહાણ | એ.ડી. રાઠોડ |
|---|---|---|---|
| વાઈસ ચેરમેન | સેક્રેટરી | ટ્રેઝરર | જોઈન્ટ ટ્રેઝરર |

## પેટા નિયમોમાં સુધારા વધારા કરવા બાબતનું પરિશિષ્ટ

| પેટા નિયમ નંબર | સુધારવાપાત્ર પેટાનિયમ | સુધારેલ પેટાનિયમ | સુધારા માટેના કારણો |
|---|---|---|---|
| ૪૮ | કરજનું વ્યાજ દર સેકન્ડે દર વર્ષે ૧૦% પ્રમાણે લેવામાં આવશે. દર મહિનાની કોઈપણ તારીખથી લીધેલાં કરજ ઉપર આખા મહિનાનું એ પ્રમાણે વ્યાજ લેવામાં આવશે. સાધારણ સભાને વ્યાજનો દર બદલવાની સત્તા છે. | કરજનું વ્યાજ દર સેકન્ડે દર વર્ષે ૧૨% પ્રમાણે લેવામાં આવશે. દર મહિનાની કોઈપણ તારીખથી લીધેલાં કરજ ઉપર આખા મહિનાનું એ પ્રમાણે વ્યાજ લેવામાં આવશે. સાધારણ સભાને વ્યાજનો દર બદલવાની સત્તા છે. | સભાસદોના હિતમાં અને ઉત્કર્ષ માટે |
| ૫૨<br><br>(૪) | સભાસદો પાસેથી થાપણો બાંધી મુદત સારૂં લઈ શકાશે, જેનાં નિયમો નીચે પ્રમાણે છે. :-<br>૬ માસ માટે થાપણ ઉપર ૭% પ્રમાણે વ્યાજની ચુકવણી કરવામાં આવશે. સાધારણ સભાને થાપણ વ્યાજનો દર બદલવાની સત્તા છે. | સભાસદો પાસેથી થાપણો બાંધી મુદત સારૂં લઈ શકાશે, જેનાં નિયમો નીચે પ્રમાણે છે. :-<br>૬ માસ માટે થાપણ ઉપર ૮.૦% પ્રમાણે વ્યાજની ચુકવણી કરવામાં આવશે. સાધારણ સભાને થાપણ વ્યાજનો દર બદલવાની સત્તા છે. | સભાસદોના હિતમાં અને ઉત્કર્ષ માટે |

| યોગેન્દ્રસિંહ રાણા<br>વાઈસ ચેરમેન | હાર્દિક એચ. પટેલ<br>સેક્રેટરી | મહેન્દ્રસિંહ ચૌહાણ<br>ટ્રેઝરર | એ.ડી. રાઠોડ<br>જોઈન્ટ ટ્રેઝરર |
|---|---|---|---|